**ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ અધિકારી કર્મચારીઓએ ડીસ્ટ્રીક્ટ એજ્યુકેશન ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લઇ મહિલાઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો પોલીસ હેલ્પ લાઇન ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા**












# ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

## અમદાવાદ શહેર

## પ્રેસનોટ

## બસોમાં પાકીટ ચોરી કરતી ગેંગને પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સાહેબ તથા એ.સી.પી શ્રી આઈ.જી.શેખ સાહેબશ્રી તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સાહેબ તથા સ્ટાફના માણસો ગા.હવેલી પો.સ્ટેશન વિસ્તારમા સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ખમાસા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે આવતા સ્ટાફના માણસો અ.પો.કો યામીનકુમાર સિમોનભાઇ બ.નં.૮૭૯૫ તથા અ.લો.ર બ્રીજરાજસિહ રામદેવસિહ બ.નં.૧૩૧૧૪ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ નાઓએ મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ ગોઠવી આરોપીઓ નામે નં-(૧) મહેન્દ્રભાઇ પોપટભાઇ દંતાણી ( દેવીપુજક ) તથા નં-(૨) બોડી ઉર્ફે જશીબેન W/O મહેન્દ્રભાઇ પોપટભાઇ દંતાણી ( દેવીપુજક ) તથા નં-(૩) મુકેશભાઇ ઉર્ફે સાધુભાઇ S/O રમેશભાઇ ચુનારા તથા નં-(૪) મીનાબેન ઉર્ફે બોડી W/O દશરથભાઇ સનાભાઇ ચુનારા તથા નં-(૫) સુનીતાબેન W/O લાલજીભાઇ પ્રહલાદભાઇ દંતાણી જે ઉપરોકત પાંચેય આરોપીઓ પાસેથી મળેલ મુદ્દામાલ માથી મળી આવેલ સોનાની વસ્તૂની કિ.રૂ.૨૯૬૧૮૧/- ની મતાનુ તથા મોબાઇલ નંગ-૦૩ જેની કિ.રૂ.૪૦૦૦/- ની મતાના તથા રોકડ રૂ.૧૦૦૦૦/- મળી જે કુલ્લે મુદામલ કિ.રૂ.૩૧૦૧૮૧/- ની મતાનો કબ્જે કરી ખાડીયા પો.સ્ટે દાખલ થયેલ ફ.ગુ.ર.નં.૩૦/૧૯ ધી.આઇ.પી.સી કલમ-૩૭૯ મુજબનો ડિટેક કરી સદરી આરોપીઓ વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામા આવેલ છે

